**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૫/૦૨/૨૦૧૬ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૧૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી ૯૪ લીટર દેશી દારૂ, ૩૧ ઈંગ્લીશ દારૂ, ૦૮ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૪૮૦ બિયરટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૧૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૧૪/૧૬**

**કારંજ :** હિરેનકુમાર રમણલાલ પરમાર (રહે.ગૌતમનગર સોસાયટી, ગણપત સોસાયટી સામે, શાહીબાગ) એ તા.૧૪/૨/૧૬ નારોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૨/૧૬ સાંજના ૫/૦૦ થી ૫/૩૦ વાગ્યા દરમ્યાન કારંજ ભઠીયાર ગલીથી ચાર રસ્તા સુધીમાં આવતાં પોતાની પત્નીનાં હાથમાં ભરાવેલ પર્સની દોરી કાપી, કોઇ અજાણી વ્યક્તિ પર્સમાંથી મંગળસુત્ર, રાડો કંપની કાંડા ઘડીયાળ, મોબાઇલ ફોન તેમજ રોકડ રૂપિયા ૩,૫૦૦/- અને તીજોરીની ચાવીઓની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.ડી.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૧૫/૧૬**

**રીવરફ્રંટ વેસ્ટઃ** હરેશભાઇ સુંદરલાલ ગોહેલ (ઉ.વ.૬૨) (રહે.આઝાદ એપાર્ટમેન્ટ, વિભાગ-૧૨, આમીદ સોસાયટી, સેટેલાઇટ) એ અગમ્ય કારણસર તા.૧૪/૨/૧૬ સવારનાં ૧૧/૧૦ વાગ્યાનાં સુમારે સાબરમતી નદીના પશ્ચીમ તરફના છેડે ઘાટ નંબર-૬ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માતમોત નોધી આ અંગેની તપાસ હે.કો શ્રી ખોડાભાઈ અરજણભાઈ ચલાવે છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)